# ડિગ્રી ઈજનેરી અભ્યાસક્રમ પ્રવેશ વર્ષ-૨૦૧૮

## ઓનલાઈન પ્રવેશ કાર્યક્રમના રાઉન્ડ-૨ માં મળેલ પ્રવેશ Confirm (કાયમ) કરવા તેમજ સંસ્થા ખાતે રીપોર્ટીંગ કરવા અંગે ઉમેદવારોને જરૂરી અને અગત્યની સૂચના

1. જે ઉમેદવારોએ માટે ટ્યૂશન ફી ની રકમ જમાં કરાવવાની છે તેવા ઉમેદવારોએ તા. ૧૬-૦૭-૨૦૧૮ થી તા. ૧૯-૦૭-૨૦૧૮ દરમ્યાન જરૂરી ટોકન ટ્યૂશન ફીની રકમ રોકડમાં કોટક મહિન્દ્રા બેંકની નિર્ધારીત શાખા અથવા ઓનલાઈન જમા કરાવી ત્યારબાદ ઉમેદવારે પોતાનાં Login IDમાંથી **Admission Detail** ઉપર ક્લિક કરી પોતાની "Admission Slip" ની પ્રિન્ટઆઉટ મેળવી લેવી **ફરજીયાત** છે.
2. જે ઉમેદવારોની Payment Slip માં શૂન્ય ફી (Zero Fee) દર્શાવેલ હોય તેવા ઉમેદવારોએ બેંકમાં જવાની જરૂર નથી. આવા ઉમેદવારોએ પોતાનાં Login ID ની મદદથી ઓનલાઈન જ પ્રવેશ કાયમ કરાવવાનો રહેશે. આવા ઉમેદવારો પોતાના પ્રવેશ કાયમ કરાવવા માટે **Result —> Information Letter** ક્લિક કરી **Accept** બટન દબાવવાનું રહેશે અને "Admission Slip" ની પ્રિન્ટઆઉટ મેળવી લેવી **ફરજીયાત** છે. જે ઉમેદવારો **Decline** બટન દબાવશે તેઓનો પ્રવેશ કાયમ થશે નહીં.
3. બેઠક ફાળવાયેલ ઉમેદવાર તા. ૧૯-૦૭-૨૦૧૮ સુધીમાં જરૂરી ટોકન ટ્યૂશન ફી નિર્ધારીત શાખામાં અથવા ઓનલાઈન જમા નહીં કરાવે તો તેઓને ફાળવાયેલ પ્રવેશ નિયમોનુસાર આપોઆપ રદ થશે.
4. પ્રથમ વર્ષ ડિગ્રી ઈજનેરી અભ્યાસક્રમોની પ્રથમ સત્રની શરૂઆત **તા. ૧૯-૦૭-૨૦૧૮ ગુરૂવાર**ના રોજ થતી હોઈને પ્રવેશ મેળવેલ તમામ ઉમેદવારોએ તા. ૧૯-૦૭-૨૦૧૮ ગુરૂવાર સુધીમાં સંસ્થા ખાતે શૈક્ષણિક કાર્યમાં જોડાઈ જવાની સલાહ આપવામાં આવે છે.
5. જે ઉમેદવારોને પ્રવેશ સમિતિ દ્વારા ઓનલાઈન મળેલ પ્રવેશ રદ કરાવવો હોય તેવા ઉમેદવારોએ તા. ૧૬-૦૭-૨૦૧૮ થી તા. ૧૯-૦૭-૨૦૧૮ સુધીમાં ઓનલાઈન પ્રવેશ રદ કરાવી શકશે અને તેઓને પ્રવેશ રદ અંગેના નિયમ-૧૮ મુજબ ફી રીફંડ મળવા પાત્ર રહેશે.

તા. ૧૬-૦૭-૨૦૧૮

— મેમ્બર સેક્રેટરી